
# નિશંક હો, નિર્ભય હો મના રે... અભય તારા શિર પર કર શ્રીજી તણા રે... !

૧૯ એપ્રિલ ૨૦૨૦, બ્રહ્મજ્યોતિ, મોગરી



||સ્વામિશ્રીજી||

'કળિકાળનો અંત હવે નજીક છે...'

સમગ્ર વિશ્વ આ સમયે જ્યારે 'કોવિડ–૧૯' જીવાણુ પ્રેરિત મહાકાળ સામે ઝઝૂમવા મથી રહ્યું છે, સર્વથા ગ્રસ્ત છે, ત્યારે વિશ્વ સમસ્તમાં વસતા મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણના સૌ આશ્રિતો શ્રીજી મહારાજના માહાત્મ્યપૂર્ણ નિશ્ચય અને દૃઢ આશરાના બળે પ્રભુનાં ભજન, મહિમા, ગુણગાન અને પ્રાર્થનામાં વ્યસ્ત રહી સ્વસ્થ છે તે સૌ સત્સંગીઓ પર પ્રભુના અભય વરદાનનાં સુફળ છે !

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સંતભગવંત સાહેબદાદાની આજ્ઞાનુસાર સૌ સદ્‌ગુરુ સંતો અને સાધક–સેવકો દરરોજ સવારે વિશેષ મહાપૂજા કરી વિશ્વ સમસ્તનાં નિરામય સ્વાસ્થ્ય અને કલ્યાણની પ્રાર્થના કરી રહ્યા છે. આ મહાપૂજાના એક મંગલ દિને સંતભગવંત સાહેબદાદાએ દિવ્યાતિદિવ્ય પરમભાવમાં અભયપ્રદ આશીર્વાદ આપ્યા અને કળિકાળના અંત નજીક હોવાના ભાવિને ભાખ્યું ! પોતાની પરાવાણી દ્વારા સંતભગવંત સાહેબદાદાએ ભક્તોને જરૂરી કાળજી રાખી જીવવાના નિર્દેશ સાથે નિશ્ચિંત રહેવા અને પ્રભુની માહાત્મ્યસભર પ્રાર્થના–ભજન–કથાવાર્તામાં પ્રવૃત્ત રહેવા આજ્ઞા કરી.

બ્રહ્મનિર્ઝરના આ અંકમાં સંતભગવંત સાહેબદાદાના એ દિવ્ય પરમભાવનાં અભય આશીર્દાન સૌ સંતો–ભક્તોનાં પઠન–શ્રવણ અર્થે સંમિલિત કર્યાં છે.

નિશંક હો, નિર્ભય હો મના રે...

અભય તારા શિર પર કર શ્રીજી તણા રે... !

આજે રવિવારે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિકાકા, પૂનમદા, થોડા સંતો-ભક્તોએ સોશિયલ ડિસ્ટન્સ જાળવીને મંદિરમાં બેસીને સુંદર મહાપૂજાનો લાભ લીધો અને આપણા સૌ માટે પ્રાર્થનાઓ કરી. સમગ્ર વિશ્વમાં વસતા આપણા સર્વ ભક્તોની સુખાકારી માટે, કોરોના જેવો મહારોગ સમગ્ર વિશ્વને ભરડામાં લઈ રહ્યો છે ત્યારે એની સામે ટક્કર ઝીલવા સર્વને બળ મળે અને સર્વની રક્ષા થાય એ માટે, આ વાઈરસની અડફેટમાં આવી ગયેલા જે આત્માઓ દેહ છોડી ગયા છે એમને પરમ શાંતિ મળે એ માટે અને તેઓનાં સગાં-સબંધીઓને-સર્વને ખૂબ બળ મળે એ માટેની અદ્‌ભુત પ્રાર્થનાઓ ઉત્પલભાઈએ આપણા સૌ વતી શ્રી ઠાકોરજી સમક્ષ ધરી. અને ખાસ, સ્પેશ્યલ સ્વામિનારાયણ ભગવાને જે મહામંત્ર આપ્યો ને ગુણાતીતાનંદ સ્વામીએ ને યોગીબાપાએ જેનો અદ્‌ભુત મહિમા ગાયો છે અને લાખો-કરોડો હરિભક્તોને જેની અદ્‌ભુત અનુભૂતિ થઈ છે; એ 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કર્યો, ધૂન કરી. એ મંત્ર કારગત છે, ને એ મંત્રની ધૂન કરી!

ખરેખર ખૂબ ખૂબ ભક્તિ થઈ રહી છે. કોરોના મહામારીએ તો સમગ્ર વિશ્વને ભરડામાં લીધું છે, હાહાકાર મચાવી દીધો છે. સત્તાવાળાઓને, કર્મચારીઓને, સુરક્ષા-વ્યવસ્થાનાં કામોમાં રોકાયેલા માણસોને સમજ નથી પડતી કે શું કરવું ? કેમ કરવું ? આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈને ખરેખર દેશ માટેનો એમનો પ્રેમ, દેશવાસીઓ માટેની એમની જે ભક્તિ! તો એ માટે વિધવિધ પ્રકારના કાર્યક્રમો આપી રહ્યા છે, એમાં આ લોકડાઉનનો કાર્યક્રમ આપણને આપ્યો! 'ઘરમાં રહો, સ્વસ્થ રહો', 'જાન હૈ તો જહાન હૈ', 'સોશિયલ ડિસ્ટન્સ રાખો'; એ આ મહામારીમાંથી બચવા માટેના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપાયો છે, તે આપણને બતાવી રહ્યા છે. ઘરમાં રહીએ તો સ્વસ્થ રહીએ ને સોશિયલ ડિસ્ટન્સ રાખીએ તો એકબીજાનો ચેપ ના લાગે. આ બધું આપણા માટે છે, આપણી સુખાકારી માટે છે, આપણા જીવન માટે છે; તો આપણે એનો અમલ કરીએ એ પણ આપણી પ્રભુ તરફની ભક્તિ છે.

આમ તો આ મહામારી છેક નવેમ્બરથી શરૂ થઈ, પરંતુ ભારતમાં 15મી માર્ચ પછી દેખા દીધી. અત્યારે આખું વિશ્વ લોકડાઉનમાં છે, એટલે બધા ઘરે બેઠા છીએ. એમાં જે ભગવાનની કૃપાવાળા ભક્તો છે, સંતોની કૃપાવાળા ભક્તો છે, ભગવાનને માર્ગે ચાલનારા ભક્તો છે, ભગવાનમાં આશરો ને શ્રદ્ધા રાખીને જીવનારા ભક્તો છે, તેવા નાના-મોટા બધાય ભક્તો ખરેખર આનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરી, પોતાના ઈષ્ટદેવના ભજન-ભક્તિમાં ગાળી રહ્યા છે. આ બધું જોતાં, એનું ચિંતન કરતાં મને ઘણા દિવસથી મનમાં થાય છે કે, શ્રીકૃષ્ણ પરમાત્માએ કળિયુગને પડકાર્યો કે, 'એલા એય...! તું માનવોને દુ:ખી કરવા ક્યાં પેસી રહ્યો છે?' એમ કહી એને પકડીને પછાડ્યો. ત્યારે એણે કહ્યું કે, 'હું બધાને દુ:ખી કરીશ, પણ તમારું જે ભજન કરતા હશે, તમારી જે ભક્તિ કરતા હશે, તમારાં કાર્યોને વેગ આપવા માટે જે સમર્પિત થતા હશે એવા ભક્તોને હું કનડગત નહિ કરું. તેમની આગળ હું લાચાર હોઈશ અને એને કંઈ નહીં કરી શકું.' બસ! એ એક ગુણને લઈને ભગવાને એને પ્રવેશવા દીધો. પણ ભગવાને હવે જોયું કે, એ કળિયુગનો હવે ટાઈમ થઈ ગયો છે એટલે એને વિદાય આપી રહ્યા છે. પરંતુ જેમ દીવો ઓલવાવાનો થાય ત્યારે વધુ પ્રકાશ આપે, એમ કળિયુગને જવું નથી, અહીંયાં ફાવી ગયું છે; પણ ભગવાનનો ઓર્ડર છૂટ્યો છે કે, તમે આ પૃથ્વીના ગોળા પરથી હવે વિદાય લો એટલે જતાં જતાં કોરોના વાઈરસ દ્વારા ફૂંફાડો મારી રહ્યો છે. એણે એક અસુરને છૂટો મૂક્યો અને એ અસુરને સાથ આપનારા ઘણા બધા અસુરો પૃથ્વીના ગોળા ઉપર છે; સૌ જશે.

જેમ સ્વામિનારાયણ ભગવાને દુર્વાસા ઋષિના શ્રાપને નિમિત્ત લઈને માનવદેહ ધરવાનું નક્કી કર્યું. ઋષિમુનિઓને શ્રાપ થયો એટલે ભગવાનને થયું કે, એમની સાથે હું પણ અક્ષરમુક્તો સાથે અને મારા મૂળ ધામ અક્ષરસ્વરૂપ ગુણાતીતાનંદ સ્વામી સાથે પૃથ્વી પર આવીશ. અસુરોને ખબર પડી એટલે અસુરોએ પણ નક્કી કર્યું કે, આ પ્રભુ અક્ષરમુક્તોને લઈને, પોતાનું ધામ લઈને ઋષિમુનિઓને સુખ દેવા પૃથ્વીના ગોળા ઉપર પધારે છે, તો આપણે પણ બધા જઈએ ને થોડી હેરાનગતિનો આનંદ આપણે પણ લઈએ. એ અસુરોના વંશજો અત્યારે પણ પૃથ્વી પર છે અને આ કોરોના વાઈરસને પ્રસરાવવામાં મદદરૂપ થઈ રહ્યા છે. આપણા વ્હાલાં ડોક્ટરો, નર્સો, પોલીસો, સરકારી કર્મચારીઓ; જે પ્રજાના હિતમાં પોતાનો જીવ જોખમમાં નાખીને કામ કરી રહ્યાં છે, એમની સામે પત્થરમારો કરીને, એમને કનડગત કરીને, એમને હેરાન કરીને, એમના કાર્યમાં દખલ ઊભી કરનાર એ બધા આ યુગના અસુરો છે. પણ આનંદ એ વાતનો છે કે, રાવણ, કંસ, શિશુપાળ, હિરણ્યકશિપુ એ બધાએ ફૂંફાડા બહુ માર્યા, ધમપછાડા બહુ કર્યા પણ છેવટે પ્રભુના ભક્તોનો વિજય થયો છે. પ્રભુભજન ને પ્રાર્થના કરનાર શક્તિનો વિજય થયો છે. તો આ મહારોગમાં સારામાં સારું કામ એ થયું કે, ઘરોઘર પ્રાર્થનાઓ ચાલી રહી છે. અત્યારે પૃથ્વીના ગોળા ઉપર અત્યાર સુધીના ઈતિહાસમાં નહીં થયાં હોય એટલાં ભજન-પ્રાર્થના ને કથાવાર્તા થઈ રહયાં છે અને દરેકને લાગી રહ્યું છે કે, કરવા જેવું આ જ છે.

એક ભાઈએ લખ્યું કે, મારી પાસે બહુ મોટું હાઉસ છે-બંગલો છે. સામાન્ય વખતમાં મારા બંગલામાં હું પાર્ટીઓ કરું, બધાને બોલાવું એની પાછળનો મારો હેતુ કે, મેં કેટલો સરસ બંગલો બનાવ્યો છે એ બધાને બતાવીને એનું હું ગૌરવ લઈ શકું. મારી પાસે બહાર રોલ્સરોયસ,

મર્સિડીઝ એ બધી જે જોઈએ એ ગાડીઓની રેઈન્જ છે. સૂટ-કપડાં એટલાં બધાં છે અને દેશ-પરદેશનાં બૂટ-ચંપલ એટલાં બધાં છે કે, ત્રણસો ને પાંસઠ દિવસ રોજ એક એક જોડી પહેરું તો પણ ફરી રિપીટ ના થાય. ઘરમાં મારા વાઈફની સાડીઓ, ઘરેણાં ઢગલાબંધ છે. આ બધું છે પણ અત્યારે ભગવાને મને દર્શન કરાવ્યું કે, તારી પાસે બધું ગમે એટલું હોય પણ આજની તારીખે તો તારે આ પાયજામો અને પહેરણ સિવાય કાંઈ જરૂર નથી. ને ઘરમાં સ્લિપર-પાયજામો ને પહેરણ પહેરીને આંટાફેરા કરું છું. જે મકાનમાં બધાને બોલાવીને ગૌરવ લેતો હતો એ મકાનની ચાર દીવાલમાં હું એકલો થઈ ગયો છું. આ બધું નકામું થઈ ગયું. આ બધી ગાડીઓ લઈને ક્યાં ફરવા જવું ? આ જોડાં પહેરીને ક્યાં જવું ? આ કપડાં-સૂટ પહેરીને કોને બતાવું ? બધું જ વ્યર્થ છે. આ કેવો વૈરાગ થયો; તમે વિચાર કરો ! હજારો પારાયણો એની સામે કરી હોત, હજારો કથાઓ કરી હોત તોય જે વસ્તુ ના સમજાય તે વસ્તુ આ અસુરે આપણને એક જ ઝાટકે સમજાવી દીધું. એ થોડું પુણ્ય કમાઈ ગયું એટલે એનું લાંબું ચાલ્યું ! એના દ્વારા આવાં પુણ્યનાં કામ પણ થયાં છે.

આપણને સૌને ભજન કરતા કર્યા, આપણને ઘરમાં હળીમળીને રહેતા કર્યા, આપણને ઘરમાં એકબીજાને મદદરૂપ થતા કર્યા. આપણે એકબીજાના કામમાં સમજતા થયા કે, અહોહો આ રસોઈનું આટલું અઘરું કામ રોજ કરનાર મારી વાઈફને, મારાં બાને, મારી બહેનને ધન્ય છે ! અહોહો આટલું બધું સુંદર કામ કરીને ઘરમાં મદદરૂપ થનાર મારા ભાઈને, મારા હસબંડને ધન્ય છે ! એમ અરસપરસ એકબીજાને મદદરૂપ થઈને એકતા, સુહૃદભાવથી જીવન જીવવાનો જે આનંદ કોઈ દિવસ નહોતો પ્રાપ્ત થયો, તે આનંદ પ્રાપ્ત કરી રહ્યા છીએ. પ્રાર્થનાય કરતા થયા છીએ.

આપણા સત્સંગસમાજમાં કથાવાર્તા તો ખૂબ થઈ રહી છે. ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ્યાં જ્યાં બધા ભક્તો છે, જ્યાં જ્યાં બધાં મંદિરો છે, જ્યાં જ્યાં બધા સંતો છે તે બધા કોન્ફરન્સ ફોન દ્વારા ખરેખર કથાવાર્તામાં ખૂબ અદ્‌ભુત મહિમાનું ગાન ગાઈ રહ્યા છે. આ થોડા વખતમાં તો બધાનું અંદરથી ખરેખર ખૂબ આધ્યાત્મિક ઉત્થાન થવાનું છે. કરોડો કરોડો જન્મથી જે આધ્યાત્મિક ઉત્થાન ના થાય એ ઉત્થાન આ થોડા દિવસોમાં પ્રભુની સ્મૃતિથી, પ્રભુની ભક્તિથી, પ્રભુના ભજનથી, પ્રભુને રાજી કરવાના ભાવથી, 'પ્રભુના થઈને જ એક જીવન જીવવું છે બાકી બધું ખોટું છે' એવા વૈરાગ્યથી થવાનું છે ! અને એ સૌ કરી રહ્યા છે.

અશ્વિનભાઈ ને સંતોની ઇચ્છા છે કે, તમારે આવાસ 'ઉપાસના'ની બહાર નીકળવું નહીં. એટલે પપ્પુ, પુનિત, બિમલ, પ્રેરક અમે પાંચ જણા 'ઉપાસના'માં બેઠા છીએ. પણ દર્શન કરવા માટે બે દિવસ પહેલાં મંદિરે ગયો હતો ત્યારે મને ખબર પડી કે, સુરતની યુવતીમંડળની ફોન સભામાં લેઈસ્ટર, અમેરિકા, ખંભાતની દીકરીઓ વાતો કરવાની હતી એટલે એ સભા સાંભળવા માટે બેઠો. સભા પતી ત્યારે ખૂબ આનંદ થયો કારણ કે, બધાંએ અદ્‌ભુત વાતો કરી. પછી બહાર નીકળ્યો તો જોયું કે, સમન્વયમાં બાજુની દિલીપભાઈની ઓફિસમાં રણછોડભાઈ ચરોતર પ્રદેશના ભક્તોને ટેલિફોન કોન્ફરન્સ પર આશીર્વાદ આપતા હતા, સભા કરતા હતા. એની બાજુની પંકજભાઈની ઓફિસમાં દિલીપભાઈ અમદાવાદ સત્સંગમંડળની સભામાં આશીર્વાદ આપતા હતા. સતીશભાઈ, ઉત્પલભાઈ સૌરાષ્ટ્ર મંડળની સભામાં આશીર્વાદ આપતા હતા. 'સમન્વય' મકાનના ચાર રૂમોમાં ચાર જગ્યાએ સોશિયલ ડિસ્ટન્સનો નિયમ રાખીને ચાર ચાર સભાઓ દૂરદૂરના ભક્તોને કરી રહ્યા હતા, તે જોઈને હું તો આશ્ચર્યમાં પડી ગયો ! આટલા બધા ભક્તોને બ્રહ્મજ્યોતિ બોલાવવા હોય તો કેટલી મુશ્કેલી થાય ? એને બદલે એક સાથે એક જ ટાઈમે ચાર ચાર પ્રદેશના, દેશ-પરદેશના ભક્તો લાભ લે છે. યુવતીમંડળની સભામાં તો અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ભારતનાં બધાં રાજ્યોના ભક્તો જોડાય છે. આટલી બધી સભાઓ થાય છે તે જાણીને મને ખૂબ આનંદ થયો.

સામાન્ય સંજોગોમાં અઠવાડિયામાં એક સભા થાય, બહુ બહુ તો બે સભા થાય. યુવકમંડળની-યુવતીમંડળની થાય, પણ આ તો રોજ કલાક કલાક સભા થાય અને આપણને ઇન્ટરનેશનલ લેવલના કેટલા બધા વક્તાઓને સાંભળવાનો લાભ મળે ! સદ્‌ગુરુ સંતો અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, હર્ષદભાઈ, અરુણભાઈ અને દિલીપભાઈ, પંકજભાઈ, રણછોડભાઈ, સતીશભાઈ, ઉત્પલભાઈ ને આ બધા એક એક સાધુને બોલાવવા હોય તો આપણે કેટલું પ્લાનિંગ કરવું પડે ? પ્રોગ્રામ કરવા પડે ? એના બદલે ઘરે બેઠાં આવા સદ્‌ગુરુ સંતો, એમની સાથે સાથે બધા ભક્તો વીરેન્દ્રભાઈ, જિતુભાઈ, વિષ્ણુભાઈ, સતીશભાઈ, અશ્વિન પોપટ, જગતભાઈ, વિજયકુમાર-દર્શનાબેન ને બધા પરદેશના ભક્તોનો આપણને લાભ મળી રહ્યો છે. કેટલો મોટો ફાયદો આનાથી થવાનો છે ! આમ કોરોના વાઈરસનું એ પુણ્ય થોડું વધ્યું છે એટલે થોડું લંબાયું છે, યાદ રાખો ! નહીં તો આટલા બધા ભક્તો ભજન-પ્રાર્થના કરે તો એની તાકાત નથી કે ટક્કર ઝીલી શકે. પણ એના કાળમાં પુણ્યનાં થોડાં કામ થયાં એટલે થોડો સમય લંબાયો છે, પણ હવે એને ગયે જ છૂટકો છે ! યુગ બદલાઈ રહ્યો છે, યાદ રાખો ! કળિયુગમાં જે પ્રભાવ હતો, કળિયુગમાં જે બધાં મૂલ્યાંકનો હતાં, કળિયુગમાં જીવનની જે રીતિનીતિ હતી એ બદલાઈને કૂચા વળીને નીકળી જશે. અને પૃથ્વીને અક્ષરધામ બનાવવાનો-માણસે માણસે મંદિર ઊભાં કરવાનો સ્વામિનારાયણ ભગવાનનો જે સંકલ્પ હતો, તે હવે સાકાર થઈ રહ્યો છે ! અત્યારે ધૂન-ભજન-પ્રાર્થના-કથાવાર્તા-ઘરના મુક્તો એક મળી સેવા કરી ઘરોઘર મંદિર બની રહ્યાં છે. કેટલી મોટી આધ્યાત્મિક પ્રગતિ થઈ છે !

શ્રી અરવિંદનો સંકલ્પ હતો, એક પ્રાર્થના હતી, શ્રી અરવિંદને દર્શન હતું કે, પ્રભુનું અવતરણ માણસે માણસે થવાનું છે. શ્રી વિવેકાનંદનો એક ભાવ હતો, એક સંકલ્પ હતો કે, ભારત એ વિશ્વગુરુ બનશે ! મોટા પુરુષોના આ બધા જે સંકલ્પ ને પ્રાર્થનાઓ તે સાકાર થવામાં સમય લાગે, પણ સાકાર થયા વગર રહેતા નથી અને એ સાકાર થઈ રહ્યા છે ! અને એ સાકાર થવા માટેનો નિમિત્તરૂપ જે ઉપદ્રવ છે એ ઉપદ્રવને આપણે ભગવાનના ભજનના બળથી પાસ (પસાર) કરી દેવો છે. ગભરાશો નહીં ! યુગ બદલાઈ રહ્યો છે, કળિયુગ વિદાય લઈ રહ્યો છે ! એની ઝપટમાં આપણે ના આવીએ. ઇન્દ્રએ ગમે તેટલા ફૂંફાડા માર્યા, પણ ગોવર્ધન પર્વત ઊંચકીને ભગવાને સૌની રક્ષા કરી. એમાં ગોવર્ધન પર્વતને પાડવા ઘણા બધા અસુરો લટક્યા. એમ ઘણા બધા અસુરો કળિયુગ અને કોરોનાને મદદરૂપ થઈ રહ્યા છે પણ એ બધા જવાના છે, યાદ રાખો ! ધીરજ રાખજો, ભજન-પ્રાર્થના કરજો અને હળીમળીને રહેજો એ ખાસ મારી પ્રાર્થના છે ! અને સરકાર તરફથી, સત્તાવાળાઓ તરફથી જે પણ સૂચનો આવે તે ભક્તિ માની તેનો અમલ અવશ્ય કરશો.

જ્યાં ખટપટ, નિંદા, માથાકૂટ, કકળાટ, કંકાસ હોય છે ત્યાં કળિયુગ કહે કે, મારો પ્રવેશ થાય છે. અને જ્યાં કળિયુગનો પ્રવેશ થાય ત્યાં દુઃખ, દુઃખ ને દુઃખ ! એનાથી આપણે બચવું છે. તો આપણા ઘરમાં જે અક્ષરમુક્તો છે, ઘરમાં જેટલાં પાત્રો છીએ એટલાં પાત્રો હળીમળીને, એકમના થઈને ભજન-પ્રાર્થના કરી, નમી-ખમી, એકબીજાંને માન આપીને, એકબીજાં સાથે હળીમળીને બધાં કામ કરીએ. ભજનનો મારો બહુ જ રાખજો. આપણને ટાઈમ છે. અત્યારે કોઈને એવો કહેવાનો વારો નથી આવવાનો કે, મારી પાસે સમય નથી. બધા પાસે ખૂબ સમય છે, તો એ સમયનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ કથાવાર્તા, સ્વાધ્યાય-'વચનામૃત', 'સ્વામીની વાતો' વાંચવામાં કરજો. થોડી કસરત કરીએ, યોગાસનો કરીએ, પ્રાણાયામ કરીએ, ઘરમાં મદદરૂપ થઈએ અને ઘર ચોખ્ખું ને સ્વચ્છ રાખીએ, યાદ રાખો ! બહારના કામવાળા બધાને રજા આપી જ દેજો ! આપણે જ કામ કરજો. બહારનો કોઈ પણ સંસર્ગ આપણે રાખવો નથી અને આપણે સ્વાશ્રયી થવાનું ! આપણું ઘર ચોખ્ખું રાખીએ. બાથરૂમ, રસોડું, આપણાં ફ્રીજ આદિ બધું ચોખ્ખું રાખીએ ને તાજું તાજું બનાવેલું ખાઈએ. અત્યાર સુધી ફ્રીજમાં ઘાલી ઘાલીને પછી અઠવાડિયું ખાતા હતા તે બધું છોડી દઈએ. થોડી આઈટમ તો થોડી આઈટમ પણ તાજી ગરમાગરમ રસોઈ કરવાનું રાખીએ. ગરમ પાણી પીવાનું રાખીએ કે પાણી ઉકાળીને પીવાનું રાખીએ. ખરેખર અત્યારે આયુર્વેદે અદ્‌ભુત કામ કર્યું છે ! આયુર્વેદના અમુક માણસો આપણને જે સલાહ આપે એવાં ઓસડિયાં પીએ.

પણ બિલકુલ નિશ્ચિંત રહેજો ! કળિયુગને આપણે ધામધૂમથી વિદાય આપવી છે, ઢોલ-નગારાં વગાડીને વિદાય આપવી છે. આ રીતે ભજન-પ્રાર્થનાથી એ ઊભી પૂંછડીએ ભાગવાનો, ભાગવાનો, ભાગવાનો ને ભાગવાનો ! ને એની સાથે એને મદદરૂપ થનાર બધા અસુરોને લઈને જ ગયે છૂટકો છે ! અને એવું કરવામાં આ મહાપૂજા દ્વારા જે પ્રાર્થનાઓ થઈ રહી છે, એ પ્રાર્થનામાં જે જોડાઈ રહ્યા છે એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભક્તિ કરી રહ્યા છે. આપણે ખરેખર ખૂબ બળ રાખીએ. આપણને ભગવાને કેટલા બધા સુખિયા કર્યા છે ! આવી મહામારીમાં પણ આપણને હૈયામાં શાંતિ અને આનંદ છે. આવી મહામારીમાં પણ નિશ્ચિંતતા છે એ પ્રભુની કૃપાનું ફળ છે ! આ સંતોની આવી મહાપૂજા દ્વારા થયેલી પ્રાર્થનાનું ફળ છે ! આપણાં માતા-પિતાના આશીર્વાદનું ફળ છે ! આપણી સાથે રહેનાર સાથીદારોની હૂંફનું બળ છે ! તો આપણે બધાય ભેગા થઈને અક્ષરધામના સુખે સુખી થવાનો જે અદ્‌ભુત મોકો મળ્યો છે એ વ્યર્થ ના જાય એ માટે જાગ્રત રહીને ભજન-પ્રાર્થના, કથાવાર્તાથી ભર્યા ભર્યા રહીએ. ગુણગાન ને મહિમા ગાઈએ. ભૂલેચૂકે ભૂતકાળમાં થયેલી અમહિમા ને ભાવફેરની વાતો, ભૂતકાળમાં બીજા ભક્તો માટે કરેલાં મૂલ્યાંકનો કે પૂર્વગ્રહો એ ભજન-પ્રાર્થના કરીને છોડી નાંખજો. બધા જ ભક્તો નિર્દોષ ને દિવ્ય છે એ માનીનતામાં રહેવું છે. એવું ના રહેવાયું હોય તો સ્પેશિયલ જુદું ભજન કરીને પણ એમાંથી નીકળી જજો.

અક્ષરધામનું સુખ ભોગવવાનો અલભ્ય લાભ મળ્યો છે એનો શ્રેષ્ઠ ઉપયોગ કરીએ તો આ મહામારી આપણા માટે મિત્ર સમાન બની રહેશે. એને બહુ ભવ્યતાથી, ધામધૂમથી વિદાય આપવી છે. એ વિદાય થવાની થવાની ને થવાની છે જ. ભગવાને એને ઓર્ડર કર્યો છે કે, કળિયુગ તું હવે ભાગ. એટલે ભાગી જતાં જતાં આપણને ફૂંફાડો મારે છે, પણ એનાથી આપણે ડરવું નથી. ભજન-પ્રાર્થનાથી આપણે એવો ફોર્સ મૂકીએ કે, તે ઊભી પૂંછડીએ ભાગે અને એના ભેગા એના અસુરોને પણ લઈને ભાગે.

આપણને સૌને આવું કરવા બળ, બુદ્ધિ, પ્રેરણા મળે. ભજન-પ્રાર્થના-કથાવાર્તા કરી પભુ તરફની આપણી ભક્તિ અદા કરવાનો આપણને અદ્‌ભુત પ્રભુએ મોકો આપ્યો છે. ધન્ય છે પ્રભુ તમને કે, અમને સર્વને આટલી મુશ્કેલી ઊભી કરીને પણ સુખિયા કરવાનો આપ જે પ્રયોગ કરી રહ્યા છો એ માટે અમે તમને શું કહીએ ? શું કહીએ ? બસ ! એક જ છે કે, આપ અખંડ રાજી રહેજો ! સૌ ભક્તોની રક્ષા કરજો અને સૌને ખૂબ ખૂબ બળ આપજો. હળીમળીને એકમના થઈને આપનું સામ્રાજ્ય જે સ્થપાઈ રહ્યું છે, એનો પૂરેપૂરો આનંદ લૂંટવા માટે અમે પણ એવા આંતરિક રીતે તૈયાર થઈએ એવી કૃપા વરસાવજો ! અને નિયમોનું પાલન કરવા બળ અર્પશો !

સહજાનંદ સ્વામી મહારાજની જય !